
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# અષાઢસ્ય પ્રથમ દિવસે...

શિર્ષક પંક્તિના લેખક મહાકવિ કાલિદાસને જે માસના પ્રથમ દિવસે વરસાદી વાદળો જોઈને 'મેઘદૂત' નામનું સર્વશ્રેષ્ઠ દૂતકાવ્ય લખવાનું સૂઝ્યું હતું એ




અષાઢ માસનો આજથી પ્રારંભ થાય છે. અષાઢસ્ય પ્રથમ દિવસે... એ મેઘદૂતની પ્રથમ પંક્તિ છે ને એ

## પ્રસંગસર

- કુંતલ નિમાવત

વિરહની વેદનામાં કવિએ લખેલું કાવ્ય છે. પ્રેમી હૈયાઓને વ્યાકુળ કરી નાંખે એવો વિરહ અષાઢમાં જ અનુભવાય છે તો સવાલ થાય કે અષાઢ માસમાં એવું તો શું છે ? એવો સવાલ થાય તો જવાબ એ છે કે અષાઢ માસમાં શું નથી ? એમાં ભક્તિ છે, ઉજવણી છે, પ્રેમ છે અને વિરહ પણ છે. વરસાદમાં ન્હાવાની મઝા છે તો કૃષિના માધ્યમથી શ્રમ ને ઉપજનો આનંદ પણ છે.

અષાઢ માસ વિશે આપણે સૌ જાણીએ છીએ એ હકીકત એ છે કે તે હિન્દુ વૈદિક પંચાંગ - વિક્રમ સંવતનો નવમો મહિનો છે અને શક સંવતનો ચોથો મહિનો. આ માસમાં એકસાથે ઘણા ધાર્મિક પર્વો આવે છે : આ માસના પ્રથમ દિવસે આસામના કામરૂપ ખાતેના પ્રસિદ્ધ કામાખ્યા દેવીના મંદિરે અંબુબાસીનો તહેવાર ઉજવવામાં આવે છે. એવું મનાય છે કે આ દિવસે દેવી રજ:સ્વાલા થાય છે. અષાઢ સુદ એકમના દિવસે પૃથ્વી પણ રજ:સ્વાલા થાય છે એવું માનવામાં આવે છે.

કચ્છીઓનું નવું વર્ષ આ માસથી શરૂ થાય છે એ ઉપરાંત, ગૌરીવ્રત, જયાપાર્વતી વ્રત, રથયાત્રા (જગન્નાથ પુરીની તથા દેશભરની) અને ગુરૂપૂર્ણિમા જેવા પાવન પર્વો આ માસ દરમ્યાન આવે છે. રથયાત્રા બાદ આવતી દેવપોઢી એકાદશીથી પવિત્ર ચતુર્માસનો પ્રારંભ થાય છે. આ એકાદશીને પદ્મ એકાદશી, દેવશયની કે હરિ શયની એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગૌરી વ્રત જેવા પર્વ કન્યાઓ માટે કેટલા રસપ્રદ ને ઉપયોગી હોય છે એનું સુંદર વર્ણન જોરાવરસિંહ જાદવે 'લોકસાહિત્યની વિરાસત'માં કર્યું છે : 'બળબળતો જેઠ મહિનો જાવાની તૈયારી કરે ન કરે ત્યાં મેઘરાજાની છડી પોકારતો અલબેલો અષાઢ મહિનો આવે છે. અષાઢ મહિને અનેક વ્રતોનો રસથાળ લઈને આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# અધિકના અંતિમ દિવસે મંદિરોમાં ભાવિકોની ભીડ



(તસવીર : કશ્યપ નિમાવત)

## અક્ષયપૂણ્યની પ્રાપ્તિના ભાવ સાથે ભાવિકોએ અન્ન, ધન અને દીપદાન કર્યુ

ગાંધીનગર, તા. ૧૬

અધિકમાસના અંતિમ દિવસે આજે શહેરના મંદિરોમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. પુરુષોત્તમ માસ દરમિયાન પૂજા-અર્ચના, વ્રત અને વિવિધ ઉપાસનાથી અક્ષયપૂર્ણની પ્રાપ્તિ માટે ભક્તિમાં તલ્લીન બનેલા ભાવિકોએ આજે ધાર્મિકસ્થાનોએ અન્ન અને ધન ઉપરાંત વિવિધ ચીજવસ્તુઓ સહીત દીપદાન કર્યુ હતુ. મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચનાના લીધે સમગ્ર શહેરમાં અનોખી આધ્યાત્મિક ચેતના પ્રગટેલી જોવા મળી હતી.

પુરુષોત્તમ માસ દરમિયાન ભગવાનની પૂજા-અર્ચના અને ઉપાસના કરવાથી અક્ષયપૂણ્યની પ્રાપ્તિ થાય છે. અધિકમાસમાં મેળવેલ પુણ્ય અક્ષય ગણાતુ હોવાનો ઉલ્લેખ શાસ્ત્રમાં પણ છે. જેના પરિણામે આ મહીના દરમિયાન વિશેષ પૂજા અર્ચના કરી ભાવિકો પુણ્યનું ભાથુ બાંધવા ભક્તિરસમાં તરબોળ જોવા મળતા હતા. રોજબરોજ મંદિરોમાં વિશિષ્ટ પૂજા, વ્રત અને ઉપાસના કરતા નજરે પડ્યા હતા. આજે અધિક માસના છેલ્લા દિવસે અમાસ નિમિત્તે નગરના મંદિરોમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. જેમાં મહિલાઓની સંખ્યા વિશેષ હતી. ભાવિકોએ મહીનાના છેલ્લા દિવસે વ્રત, પૂજા-વિધિ અને ઉપાસનાની ઉજવણીના ભાગરૂપે યથાશક્તિ અન્ન અને ધનનુ દાન આપ્યું હતું. વિવિધ ચીજવસ્તુઓ ઉપરાંત વિશેષરૂપે દીપદાન પણ કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી જનક રાવલના જણાવ્યા મુજબ કુદરતી તત્વોનો સંચાર થતો હોવાથી અશુદ્ધિ દૂર થાય છે. તેથી વિશેષ દીપદાનથી પ્રાણવાયુની શક્તિ પણ વધે છે. જીવનમાંથી મલિનતા દૂર થાય છે. જ્યારે મન અને ઈન્દ્રિયની શાંતિ પ્રાપ્ત થાય છે.

અધિક માસના અંતિમ દિવસે સેક્ટરોમાં પણ ઠેર ઠેર પૂજા-અર્ચના અને ભજનના કાર્યક્રમો યોજાતા હતા. મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ રહી હતી. આવતીકાલથી અષાઢ મહીનો શરૂ થવાનો હોવાથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા જયાપાર્વતી વ્રત તેમજ ગુરૂપૂર્ણિમા સહીતના ધાર્મિક તહેવારોની ઉજવણી તરફ ભાવિકોની મીટ મંડરાઈ છે.



લીલી ખારેક - વર્ષાઋતુના આગમન સાથે બજારમાં લાલ-પીળી લીલી ખારેક ઠેર ઠેર નજરે પડે છે... તંદુરસ્તી માટે ખૂબ જ અસરકારક ગણાતું આ નાનકડુ ફળ મધ્યવર્ગીય સમાજ માટે ઉપકારક છે... ખારેક સુકવેલી પણ પોષક છે પરંતુ સુકવેલ કરતા લીલી ખારેક હેમોગ્લોબિન માટે ખૂબ જ અકસીર છે... કચ્છની ખારેક સમગ્ર રાજ્યમાં વખણાય છે... આજકાલ ગાંધીનગર સહિત મહાનગરોમાં ઠેર ઠેર ખારેકનું વેચાણ પૂરબહાર ચાલે છે....

# આજે પંચદેવ મંદિરે જગન્નાથજીની નવનિર્મિત મૂર્તિમાં પ્રાણ પુરવા યજ્ઞ

ગાંધીનગર, તા. ૧૬

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને આડે હવે માત્ર એક જ દિવસ હોવાથી ભાવિકો તડામાર તૈયારીમાં લાગી ગયા છે. નગરમાં ૩૧મી રથયાત્રાના ઓવારણા લેવા સેક્ટરવાસીઓ ઉત્સુક બન્યા છે. ભગવાન જગન્નાથજી, બલરામજી અને બહેન સુભદ્રાજીની નવી મૂર્તિ તૈયાર કરી દેવાઈ છે. જ્યારે આજે નવનિર્મિત મૂર્તિઓમાં પ્રાણ પુરવા સે. ૨૨ સ્થિત પંચદેવ મંદિરમાં સવારે ૧૦ કલાકે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્તવિધિથી યજ્ઞ કરવામાં આવશે.

**ભગવાન જગન્નાથજી, બલરામ અને સુભદ્રાજીની નવી મૂર્તિમાં પ્રાણ પુરવા આજે પંચદેવ મંદિરમાં યજ્ઞ**

આગામી ૧૮ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળવાની છે ત્યારે રથયાત્રાના આયોજનને અનુલક્ષી આખરી તબક્કામાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાવિકો ભગવાનની નગરચર્યાને અનુલક્ષી ઉત્સુક બન્યા છે. શહેરમાં ૩૧મી રથયાત્રાના પ્રારંભ પૂર્વે ભગવાન જગન્નાથજી, બલરામજી તેમજ સુભદ્રાજીની નવી મૂર્તિઓ પણ તૈયાર કરી દેવાઈ છે. ભાવિકો પણ ભગવાનની નવનિર્મિત મૂર્તિના દર્શન કરવા માટે ભાવવિભોર બન્યા છે.

આ ઉપરાંત રથયાત્રામાં હાથી, ઘોડા, પાલકી સાથે ૧૫થી વધુ અશ્વસવારો અને ૧૦૦ જેટલા વાહનો જોડાશે. ભગવાનની નવનિર્મિત મૂર્તિઓમાં પ્રાણ પુરવા શુક્રવારે સે. ૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે સવારે ૧૦ કલાકે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શાસ્ત્રોક્તવિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે યોજાનારા આ યજ્ઞ દરમિયાન ભાવિકોને પણ દર્શનનો લાભ લેવા ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીએ જણાવ્યું છે. સાંજે ૫ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતિ થશે. રથયાત્રાના ધાર્મિક ઉત્સવને વધાવવા ભાવિકો ઉત્સુક બન્યાં છે. સેક્ટરોમાં ઠેર ઠેર યાત્રાના સ્વાગત માટે વૈવિધ્યસભર આયોજન કરવામાં આવ્યું છે.

## મનપાના ફૂડ વિભાગ દ્વારા ચોખાના નમૂના લેવાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનના ફુડવ વિભાગ દ્વારા આજે મ્યુનિ. કમિશનરશ્રીની સુચના મુજબ શહેરના વિભિન્ન વિસ્તારમાં આવેલ એકમોમાંથી ચોખા અને બદામશેકના નમુના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત અગાઉ તા. ૧૪-૭-૨૦૧૫ના રોજ પણ વિભાગ દ્વારા ચોખા, નમકીન અને ચોકોબોમ્બના નમુના લઈ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી અપાયેલ છે.

મ્યુનિ. ફુડ વિભાગ દ્વારા શહેરના સેકટર-૧૬ તેમજ સે-૨૪ના વિસ્તારોમાં આવેલ ખાદ્ય એકમોમાંથી ચોખા અને બદામશેકના નમૂના લેવામાં આવ્યા હતા.

# શહેરના પોલીસ મથકોમાં બાયોમેટ્રીક સીસ્ટમ લાગશે

**નાઈટ પેટ્રોલીંગમાં ગુટલીબાજ પોલીસ હવે ગુટલી નહી મારી શકે : પોલીસ ક્યાં ક્યાં પેટ્રોલીંગ માટે ગાડીમાં ફરે છે તેનું સીધુ મોનીટરીંગ થશે : બારકોડ સ્ટીકર પર સ્કેનીંગ કરીને પોલીસે હાજરી પ્રસ્થાપીત કરવી પડશે : પોલીસ પેટ્રોલીંગ સઘન બનશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની હદમાં બારકોડ સીસ્ટમ પદ્ધતીવાળી ઈ-બીટ પેટ્રોલીંગ સિસ્ટમ પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલી બનાવાઈ હતી. હવે આ પ્રોજેક્ટને વધુ સારી રીતે વિકસાવીને તેનો વ્યાપ વધારવાની સક્રીય વિચારણા ચાલી રહી છે. પોલીસ સ્ટેશનોમાં બાયોમેટ્રીક સીસ્ટમ લગાડી પેટ્રોલીંગ વાહનોમાં જીપીએસ સિસ્ટમ પણ લગાડવામાં આવશે અને દરેક પેટ્રોલીંગ વાહનનું પોલીસ અધિકારી મોબાઈલથી મોનીટરીંગ કરી શકશે અને નાઈટ પેટ્રોલીંગમાં પોલીસ ગુટલી નહી મારી શકે જેને પગલે પેટ્રોલીંગ અસરકારક બનશે.

શહેરના સેક્ટર-૭ પોલીસ મથકની હદ વિસ્તારમાં જુદા જુદા અંતરે ૨૦૦ જેટલા બારકોડ સ્ટીકર, સે. ૨૧ પોલીસ સ્ટેશનની હદમાં ૧૧૫ જેટલા અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં ૧૧૦ જેટલા બારકોડ સ્ટીકર લગાડવામાં આવશે. આ સ્ટીકરના બારકોડને નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલી પોલીસે પોતાની પાસેના ડીવાઈસ મારફતે સ્કેન કરીને પોતાની હાજરી દર્શાવવાની રહેશે. તે ઉપરાંત વાહનમાં જીપીએસ પણ લગાડવામાં આવશે જેનું સીધુ મોનીટરીંગ પોલીસ અધિકારી પોતાના મોબાઈલ મારફતે કરી શકશે. જેને પગલે નાઈટ પેટ્રોલીંગમાં રહેલી પોલીસ પોતાના ખોટા લોકેશન આપીને ડ્યુટી પર ગુટલી મારી શકશે નહી..! તે ઉપરાંત પહેલા એવુ થતુ હતુ કે પોલીસ સ્ટેશન ગયા ન હોય તો પણ પોલીસની હાજરી ત્યાં દર્શાવાઈ ગઈ હોય..! કોઈને કોઈ સહકર્મી બક્કલ નંબર લખાવી દે અને હાજરી દર્શાવી દેતા હતા. જેને પગલે હવે પોલીસ સ્ટેશનોમાં બાયોમેટ્રીક સીસ્ટમ લગાડવામાં આવશે. તેમ ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું. ઈ-બીટ પેટ્રોલીંગ માટે બારકોડ સ્ટીકર તૈયાર કરી તેને અમલી બનાવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સે. ૭, સે. ૨૧ અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ૪૨૫ જેટલા લોકેશન પર આ સ્ટીકર લગાડવામાં આવશે અને અસરકારક નાઈટ પેટ્રોલીંગ થાય તે માટે ગતિવિધી શરૂ કરવામાં આવી છે.




માલવપતિ મુંજ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના જન્મદિને યોજાયેલ એકપાત્રિય અભિનય સ્પર્ધાના વિનર-શો દરમિયાન ઉપેન્દ્ર ત્રિવેદીના શ્રેષ્ઠ અભિનય પાત્ર 'માલવપતિ મુંજ'નો અભિનય ફોરમના અગ્રણી, ગાંધીનગરના જાણીતા પેથોલોજીસ્ટ મહેન્દ્ર ગજ્જર દ્વારા અભિવ્યક્ત કરાયો ત્યારે પ્રેક્ષકોના માનસપટ ઈતિહાસ છવાયો હતો.

# નગરના સરકારી વસાહતમાં માર્ગ સુધારણાનું કામ હાથ ધરાશે

**તંત્ર દ્વારા માર્ગ નવિનીકરણ માટે ટૂંકમાં દરખાસ્ત કરાશે**

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં માર્ગ નવિનીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ગત વાઈબ્રન્ટ સમિટના અંતે નગરના મોટાભાગના માર્ગો ચકાચક જોવા મળે છે. શહેરના સરકારી વસાહતમાં આંતરિક માર્ગોનું કામ હાથ ધરવા પણ તંત્ર દ્વારા ટૂંકમાં દરખાસ્ત કરવામાં આવશે.

શહેરમાં મુખ્યમાર્ગો વિવિધ સેક્ટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. નગરના અન્ય મુખ્ય માર્ગોની જેમ 'ખ' માર્ગને પણ સીક્સલેન કરવા કામ હાથ ધરવામાં આવશે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જ માર્ગોને ચકાચક બનાવવા ઉપરાંત રસ્તાઓના બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે સે. ૨૦ થી ૩૦ આંતરિક રસ્તાઓનું પણ નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું હતું. હાલ સે. ૨૪માં પણ સી.સી. રોડનું કામ ચાલી રહ્યું છે. આગામી બે મહીનામાં આ કામગીરી પૂર્ણ થતા સેક્ટરમાં ત્રણ દાયકા બાદ રસ્તાઓનું અસ્તિત્વ જોવા મળશે. શહેરમાં મોટાભાગનુ રોડનેટવર્ક ચકાચક હાલતમાં હોવાનુ સૂત્રો જણાવી રહ્યા છે. જ્યારે શહેરની સરકારી વસાહતમાં લાંબા સમયથી રોડનેટવર્કની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના પરિણામે સરકારી વસાહતના માર્ગો ઉબડ-ખાબડ બન્યા છે. જ્યારે આગામી ચોમાસાના અંતે સરકારી વસાહતમાં માર્ગોના નવિનીકરણનું કામ હાથ ધરવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ. ૫ કરોડથી વધુ ખર્ચ થશે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં આ કામગીરીને અનુલક્ષી વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવશે. વધુમાં જી.આઈ.ડી.સી. વિસ્તારમાં રસ્તા સુધારણાનું કામ હાથ ધરવાની દરખાસ્ત પણ વિભાગકક્ષાએ પેન્ડીંગ છે.


## અભિનંદન



**શ્રી મંગળદાસ કે. પટેલ**

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની સે. ૧/૮ની ચૂંટણીમાં જંગી બહુમતિથી વિજેતા થવા બદલ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી અમારી હાર્દિક શુભેચ્છાઓ....

**અનિલ એમ. પટેલ**
શીવ મેનેજમેન્ટ
સે.૬, અપના બજાર

**કાલિદાસ વી. પટેલ**
(અંબિકા ટ્રેડર્સ, સે.૨૨)

**રમેશભાઈ ડી. ચૌધરી**
(કેર કન્સ્ટ્રકશન)

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Since 1986
॥ अभय ॥
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન · હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી · પાન મુખવાસ
ફિલ્ટર સાથે · TOBACCO 100% FREE
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com